# વૈષ્ણવ વણિક સમાજ, દેવગઢ બારીયા

**C/o, શાહ સ્ટોર, સર્કલ બજાર, દેવગઢ બારીયા**

**18.04.2017**

**વાઇબ્રન્ટ બુલેટીન / Vibrant Bulletin – 2017/15**

સ્નેહી વૈશ્ણવજન,

વાયબ્રન્ટ દિવાલી - ૨૦૧૭ ની ઉજવણીના કાર્યક્રમ ની રૂપરેખા નું આખરીકરણ કરવા ના હેતુથી તા.૧૬-૦૪-૨૦૧૭ ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રાષ્ટ્રીય પ્રતિનિધિ સભાનું આયોજન દેવગઢબારીઆ મુકામે કરવામાં આવ્યું હતું. આ સભામાં દેવગઢબારીઆ, ગોધરા, વડોદરા, ભરૂચ, અમદાવાદ, મુંબાઈ થી નોંધપાત્ર સંખ્યામાં પ્રતિનિધિઓ હાજર રહેલ હતાં. સિકંદ્રાબાદ, બેંગ્લોર, ઉદેપુર, નાગપુર, રાયપુર, ઈન્દોર, વિગેરે દુરના સ્થાનના પ્રતિનિધિઓ એ ઉપસ્થિત રહી શકવા અંગે અગાઉ અસમર્થતા દર્શાવી સભાને આખરી કાર્યવાહી હાથ ધરવા અંગે શુભેચ્છાઓ પાઠવેલ હતી. સભામાં આખરી કરાયેલ મહત્વના મુદ્દાઓ તથા બેઠકની કાર્યવાહી નોંધ નીચે મુજબ છે.

- પ્રારંભમાં બહારગામથી પધારેલ સૌ પ્રતિનિધિઓને આવકારવામાં આવ્યાં.
- સમસ્ત વૈષ્ણવ પરિવારના દેશ-વિદેશમાં સ્થાયી થયેલ અને વાયબ્રન્ટ દિવાલી - ૨૦૧૭ ના આયોજન ની પરિકલ્પના થી માંડી આજદિન દરમ્યાન નિધન પામેલ તમામ વૈષ્ણવો ને શ્રધ્ધાંજલિ આપતો શોકપ્રસ્તાવ શ્રી જગદીશભાઈ પરીખે રજુ કર્યો તથા પ્રતિનિધિ સભાએ તમામ સદગતના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળ્યું. ત્યારબાદ સભાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો.
- શ્રી નિરવભાઈ શાહે શા માટે વાયબ્રન્ટ દિવાલી-૨૦૧૭ તેનો આછો ખ્યાલ આપી વાયબ્રન્ટ દિવાલી - ૨૦૧૭ ના આયોજનમા હાલપર્યંત થયેલ પ્રગતિનો ટૂંકસાર રજુ કરી, સમસ્ત વૈષ્ણવ પરિવારના દેશ-વિદેશમાં સ્થાયી થયેલ વૈષ્ણવો તરફથી મળેલ પ્રોત્સાહક પ્રતિભાવ તથા ભંડોળ બાબતે અહોભાવ વ્યક્ત કરતાં સૌ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો.
- સ્નેહલભાઈ ધરીઆએ તા. ૧૬-૪-૨૦૧૭ ના રોજ મળેલ સખાવતની જાહેરાત કરતાં જણાવ્યું કે આજે અંદાજિત ₹ ૩.૪૦ લાખ જેટલી રકમ આપવાની જાહેરાત દાતઓએ કરેલ છે. તેઓએ આ દાતાઓનો પણ આભાર વ્યક્ત કર્યો.
- શ્રી અંકિશભાઈ પરીખે ભારતમાં વસતા તથા બિન નિવાસી ભારતીયો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન ની પ્રક્રિયાનું નિદર્શન (Demonstration) કરી તે કેવી રીતે કરવું તેની વિસ્તૃત સમજ સૌને આપી.
- શ્રી અનિશભાઈ પરીખે સમગ્ર કાર્યક્રમના આવક-ખર્ચમાં સંપૂર્ણ પારદર્શિતા રાખી શકાય તે હેતુથી એઓપી(એસોસિયેશન ઓફ પર્સન) બનાવી, બેંકમાં સેવિંગ ખાતુ ખોલાવવામાં આવેલ છે. તથા એઓપીનું પાનકાર્ડ મેળવવાની અરજી કરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં ઉપલધ થઈ જશે તેવી આશા વ્યક્ત કરી. બેંકખાતાની વિગતો, આઈએફએસસી કોડ વિગેરેની પણ માહિતિ આપી. તથા જણાવ્યું કે તા. ૧૭-૪-૨૦૧૭ થી આ ખાતુ ઓપરેટીવ થઈ જશે.

**18.04.2017**

**વાઇબ્રન્ટ બુલેટીન / Vibrant Bulletin – 2017/15**

- શ્રી નિરવભાઈ શાહે કાર્યક્રમના સંભવિત ખર્ચ નું ₹ ૬૫,૦૦,૦૦૦/- નું અંદાજ રજુ કર્યું. તા. ૧૬-૪-૨૦૧૭ સુંધી દાતાઓ તથા પ્રાયોજકો દ્વારા જાહેર કરવામાં આવેલ ₹ ૪૦,૦૦,૦૦૦/- ની રકમ ધ્યાને લેતાં હજું બીજા ₹૨૫,૦૦,૦૦૦/- નું ભંડોળ એકત્ર કરવું જરૂરી છે તેમ જણાવી બારીઆ,ગોધરા, વડોદરા, અમદાવાદ, મુંબઈ, સિકંદ્રાબાદ-હૈદ્રાબાદ, નાગપુર, સોલાપુર,નાગપુર, રાયપુર, ઉદેપુર, ઈંદોર તથા જ્યાં જ્યાં બારીઆના વૈષ્ણવો વસેલ છે તેવા દેશ વિદેશના તમામ સ્થળે તેઓનો આયોજનના પ્રતિનિધિઓ સંપર્ક કરી આ બાકી રહેતાં જરૂરી ભંડોળ ની આપૂર્તિ કરવા મહત્તમ પ્રયત્ન કરે તે ઉપર ભાર મુક્યો.
- શ્રી નિરવભાઈ શાહે જણાવ્યું કે આયોજન માટે જે રીતે સર્વત્રથી બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે તે ધ્યાને રાખી કાર્યક્રમ ઉત્તમ તથા ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થાય અને સૌની અપેક્ષાનુસાર સફળતાને વરે તે માટે માઈક્રો અને મેક્રો લેવલે સૌથી ઝીણામાં ઝીણી બાબત ને પણ આયોજનમાં સમાવવાનો પ્રયત્ન હોઈ પ્રાથમિક અંદાજ કરતાં હાલના અંદાજ માં નોંધપાત્ર વધારો થયેલ છે. પ્રાથમિક આયોજનના તબક્કે જે બાબતો વિચારાધીન જ ન હતી, પણ સમયાંતરે તે અતિ આવશ્યક જણાતા તે બાબતો ને આયોજનમાં સમાવવા માં આવેલ છે જે આ વધારાનું મુખ્ય કારણ છે તેમ તેઓ જણાવ્યું. કોર કમિટીના પ્રતિનિધિઓ ની સાથે  સ્થાનિક કક્ષાએ અમદાવાદ, વડોદરા, મુંબઈ , સિકંદ્રાબાદ તથા ભરુચ ખાતે યોજાયેલ મિટિંગ માં મળેલ સુચનો પૈકી અમલ કરી શકાય તેવા સુચનો ના સંભવિત ખર્ચનો પણ આ અંદાજિત ખર્ચમાં સમાવેશ થાય છે.
- કોર કમિટીના પ્રતિનિધિઓ ની સાથે  સ્થાનિક કક્ષાએ અમદાવાદ, વડોદરા, મુંબઈ , સિકંદ્રાબાદ તથા ભરુચ ખાતે યોજાયેલ મિટિંગ માં મળેલ સુચનો શ્રી નિરવભાઈ શાહે રજુ કર્યા તથા ઉપસ્થિત પ્રતિનિધિઓને તે ઉપર ખુલ્લી ચર્ચા કરવા આમંત્રણ આપ્યું. પ્રતિનિધિ સભાના સભ્યોએ પોતપોતાના મંતવ્યો રજુ કર્યાં. કોર કમિટિના શ્રી નિરવભાઈ શાહ, શ્રી સ્નેહલભાઈ ધરીઆ, શ્રી રાજેશભાઈ કડકીઆ, શ્રી અનિશભાઈ પરીખ તથા શ્રી મુકેશભાઈ બક્ષી એ આ સુચનો પૈકી અમલમાં મુકી શકાય તેમજ અમલમાં મુકવામાં મુશ્કેલી હોય તે બાબતે વાસ્તવિક સ્થિતિ અંગે સૌને વાકેફ કર્યાં. કોઈ ગેરસમજ ન થાય તે હેતુથી શ્રી અમિતભાઈ પરીખે ચર્ચાના કેટલાક મુદ્દા સબંધે તમામ પ્રતિનિધિઓને માહિતગાર કર્યાં. તે સિવાય કાર્યક્રમના આયોજન સબંધી વિવિધ પાસાઓ ઉપર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

18.04.2017

વાઇબ્રન્ટ બુલેટીન / Vibrant Bulletin – 2017/15

## આ ચર્ચાને અંતે નીચેના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવેલ છે.

નિર્ણય:૧ કાર્યક્રમનું સ્થળ જેલબાગ રાખવું તથા તે સ્થળને કાર્યક્રમને અનુલક્ષીને "ગોકુલધામ" નામ આપવું.

નિર્ણય:૨ કાર્યક્રમમાં આવવા ઈચ્છુક ભારતીય તેમજ વિદેશી તમામ પરિવારોએ તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૩૧-૦૭-૨૦૧૭ દરમ્યાન કાર્યક્રમની અધિકૃત વેબસાઈટ www.vibrantdiwali2017.com ઉપરથી ફરજિયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું .

નિર્ણય:૩ ભારતીય પરિવારો માટે પરિવારદીઠ ઓનલાઈન નોન રીફંડેબલ રજીસ્ટ્રેશન ફી ૧૦૦/- નક્કી કરવામાં આવી. તથા તે ફી ઉપલ્ધ કરાયેલ પેમેંટ મોડ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન સમયેજ ઉપર જણાવેલ સેવિંગ ખાતામાં જમા કરાવવાની રહેશે. આ અંગે કોઈ મુશ્કેલી હોય તો સ્થાનિક પ્રતિનિધિઓનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું. તથા આ સ્થાનિક પ્રતિનિધિઓને નિમણુંક પણ કરવામાં આવી જેને વિગત મિડિયા કમિટિ દ્વારા ઓન લાઈન તથા સોશીયલ મીડીયા ઉપર મુકવામાં આવશે. તેમ છતાં કોઈ મુશ્કેલી હોય તો શ્રી અંકિશભાઈ પરીખનો સંપર્ક કરવો.

નિર્ણય:૪ બિન નિવાસી ભારતીય પરિવારો એ પરિવારદીઠ $૧૦ મુજબ નોન રીફંડેબલ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી ઓનએરાઈવલ આપવાની રહેશે . તેઓએ પણ તા. ૦૧-૦૫-૨૦૧૭ થી તા. ૩૧-૦૭-૨૦૧૭ દરમ્યાન કાર્યક્રમની અધિકૃત વેબસાઈટ ઉપરથી ફરજિયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું .

નિર્ણય:૫ ઉપસ્થિત તમામ પ્રતિનિધિને વિનંતી કરવામાં આવી કે પોતપોતાના સ્થાનિક સ્તરે તમામ વૈષ્ણવ પરિવારો સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન કરાવે તે તેઓ સુનિશ્ચિત કરે કારણકે રજીસ્ટ્રેશન પર થી યોગ્ય વ્યસ્વસ્થા કરવાની સરળતા રહેશે. રજીસ્ટ્રેશન સિવાય કાર્યક્રમમાં પ્રવેશ મળી શકશે નહિ.

નિર્ણય:૬ બિન વૈષ્ણવ-હિંદુ પરિવારમાં પરણાવેલી દીકરીઓને તેમના પતિ તથા અપરણિત સંતાનોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન તેઓના પૈતૃક પરિવાર મારફતે (પિતા-ભાઈ-કાકા વિ.) કરાવી આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે.

18.04.2017

વાઇબ્રન્ટ બુલેટીન / Vibrant Bulletin – 2017/15

નિર્ણય:૭ સમગ્ર ઈવેન્ટ (તા. ૧૮-૧૦-૧૭ થી ૨૧-૧૦-૧૭, કુલ છ ટાઈમ) માટે <u>વ્યક્તિ દીઠ</u> ભોજન સહિતના પ્રવેશ પાસ ની કિંમત ₹ ૧૫૦/- લેવામાં આવશે. કાર્યક્રમમાં આંશિક રીતે હાજર રહેનાર સભ્ય માટે પણ <u>વ્યક્તિ દીઠ</u> ભોજન સહિતના પ્રવેશ પાસ ની કિંમત ₹ ૧૫૦/- રહેશે. એટલે કે એક થી પાંચ ટાઈમ માટે હાજરી આપનાર માટે પ્રવેશ પાસની કિંમત માં કોઈ છુટ રહેશે નહી.

નિર્ણય:૮ ઈવેન્ટ ને સુંદર તથા ભોગ્ય તેમજ આકર્ષક બનાવવા કાર્યક્રમની સંપૂર્ણ ડીઝાઈન તથા અમલીકરણ માટે ઈવેન્ટ મેનેજર ની નિમણુંક કરવી.

નિર્ણય:૯ ભોજન –ચા નાસ્તો વિગેરેની વ્યવસ્થા આઉટસોર્સીંગ થી કરાવવી. કોર કમિટિના પરામર્શ રહી ફૂડ કમિટિ કેટરર નું આખરીકરણ ટૂંક સમયમાં જ કરશે. ત્યાર બાદ કોર કમિટિ અને ઈવેન્ટ મેનેજરના પરામર્શ માં રહી કેટરર સાથે મેન્યુનું આખરી કરણ કરશે.

નિર્ણય:૧૦ બજેટની મર્યાદામાં રહી સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ રૂપચૌદશ, દિવાળી તથા નૂતનવર્ષના સાંસ્કૃતિક કાર્યક્રમો ની રૂપરેખા દસ દિવસમાં આખરી કરશે. કાર્યક્રમવાર થનાર ખર્ચ અંગે તથા કાર્યક્રમ અંગેના નાણાકીય પાસાઓ અંગે એઓપી કમિટિ સાથે વિચાર વિમર્શ કરી કાર્યક્રમો આખરી કરવા. તથા જે-તે કલાકાર વૃંદ પાસે જરૂરી એગ્રીમેન્ટ કરી યોગ્ય એડવાન્સ ચુકવવા ભલામણ કરશે. આ કાર્યક્રમોના આયોજન માટે જે પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ની જરૂરિયાત હોય તેની વિગતો તેઓ ફાયનલ કરેલ કલાકાર વૃંદ પાસેથી મેળવી કોર કમિટિના પ્રતિનિધિ ને સોંપશે. જેઓ ઈવેન્ટ મેનેજરના પરામર્શ માં રહી આ સુવુધાઓ ઉપલબ્ધ કરાવશે.

નિર્ણય:૧૧ વિવિધ કાર્યક્રમો થી ચાર દિવસ સંપૂર્ણ પણે મનોરંજક, આનંદદાયક અને સુવિધા જનક બની રહે તે માટે તમામ સ્તરેથી ઘનિષ્ઠ પ્રયત્નો કરવાના રહેશે.

નિર્ણય:૧૨ ચાર દિવસ ના તમામ કાર્યક્રમોનું આખરીકરણ થયેથી ઈવેન્ટ સમિતિ અને એક્ક્ષીક્યુટીવ કમિટિ, ઈવેન્ટ મેનેજરના પરામર્શ માં રહી, મંડપ વ્યવસ્થા, ફૂડ ઝોન, સ્ટેજ, કેટરીંગ કાઉન્ટર, કાઉન્ટર ડેકોરેશન, સ્ટેજ ડેકોરેશન, ડોમ ડીઝાઈન, બેઠક વ્યવસ્થા, સુરક્ષા વ્યવસ્થા, પાર્કીંગ વ્યવસ્થા, સેનીટેશન વ્યવસ્થા, સફાઈ વ્યવસ્થા ,પ્રીન્ટીંગ, રહેઠાણ, આંતરિક અને બાહ્ય ટ્રાન્સપોર્ટેશન, આરોગ્ય અને ઈમરજન્સી સહાયતા, ફાયર સેફટી તમામ બાબતો અંગે ની વ્યવસ્થાને આખરી ઓપ આપશે. આ માટે ઈવેન્ટ સમિતિને સહાયક થવા બારીઆ, વડોદરા,ભરૂચ,અમદાવાદ, મુંબઈ અને સીકંદ્રાબાદના કમિટેડ યુવાન પ્રતિનિધિઓની વિવિધ ૧૨ થી ૧૫ સહાયક સમિતિઓનું ગઠન

કરવું. આ કમિટિના પ્રતિનિધિઓ તેમની એક્ટિવિટીને લગતી તમામ બાબતો નું મોનીટરીંગ કરશે.

નિર્ણય:૧૩ કાર્યક્રમ હવે કાર્યાન્વયન તબક્કે પહોંચેલ હોઈ, તથા બેંકીગ વ્યવસ્થા પણ થઈ ગયેલ હોઈ જે દાતાઓ/સમાજો એ સખાવત/પ્રાયોજન ની રકમ ની જાહેરાત કરેલ છે તે દાતાઓએ તેઓનું યોગદાન બને તેટલું જલદી જમા કરાવવું. જેથી એડવાન્સ અને સરકારી મંજૂરીઓ માટેના પ્રારંભિક ખર્ચ નું ચુકવણું કરવામાં સુવિધા રહે.

## ઉપરોક્ત મીટિંગમાં વૈષ્ણવો દ્વારા નીચે મુજબ સખાવતની જાહેરાત કરવામાં આવી હતી.

| Name | City | Amount |
|---|---|---|
| નયનકુમાર મણીલાલ ગાંધી<br>હિતેશકુમાર એન. ગાંધી,<br>સચીનકુમાર એન. ગાંધી | Udaipur | Rs. 71,000/- |
| રાજેન્દ્રકુમાર રમણલાલ પરીખ તથા<br>રૂપેશભાઈ પરીખ અને બીજલભાઈ પરીખ | Devgadh Baria | Rs. 51,000/- |
| જવાહરભાઈ ઘડાવાળા | Devgadh Baria | Rs. 51,000/- |
| રમણલાલ ટોકરવાવાળા<br>(ચિતરંજનદાસ અને રાકેશભાઈ પરીખ) | Devgadh Baria | Rs. 51,000/- |
| રજનિકાંત શંકરલાલ પરીખ<br>તથા સૌરભભાઈ અને પરાગભાઈ | Devgadh Baria | Rs. 25,111/- |
| નયનાબેન બાબુભાઇ દલાલ<br>(ગોકુલેશ પરીવાર) | Devgadh Baria | Rs. 25,000/- |
| ભાવિનકુમાર કનુભાઈ કડકીયા | USA | Rs. 25,000/- |

| Name | City | Amount |
|---|---|---|
| રશ્મીનચંદ્ર પી. બક્ષી અને<br>સુજીતભાઈ ર. બક્ષી | Godhra | Rs. 25,000/- |
| સૌરભભાઈ કિરણભાઈ દલાલ | Vadodara | Rs. 21,000/- |
| રાજેન્દ્રકુમાર નગીનદાસ મોદી<br>(કકુલભાઈ ભુરાશેઠ) | Devgadh Baria | Rs. 21,000/- |
| સ્વ. સુભાષચંદ્ર ગાંધી (વેડ વાળા) અને<br>ગં સ્વ. ગીતાબેન સુભાષચંદ્ર ગાંધી | Devgadh Baria | Rs. 21,000/- |
| રાજતકુમાર મણિલાલ દલાલ | Devgadh Baria | Rs. 11,101/- |
| યોગેશકુમાર જયંતીલાલ કોઠારી | Devgadh Baria | Rs. 11,101/- |

## વાઇબ્રન્ટ દિવાળી 2017 કમિટી આપ સૌ દાતાશ્રીનો ખુબ ખુબ આભાર માને છે.

**આભાર / Thanks**

**VDB 2017 (મિડિયા કમિટી/Media Committee)**